(૧૧)

વર્ષ ૨૦૨૦-૨૧

ચાલુ બાબત

રૂ. ૨૯૨.૧૫ લાખ

પશુ અને ભેંસ વિકાસ કાર્યક્રમ હેઠળ પશુધન સુધારણા અને સંરક્ષણની ચાલુ બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત......

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક : સીડીએસ/૧૩૨૦૧૯/૧૨૫૮/પી.૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૪/૦૬/૨૦૨૦

વંચાણે લીધા:-

૧. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : સીડીએસ/૧૩૨૦૧૮/૧૫૭૫/પી.૧, તારીખ:૦૮/૦૪/૨૦૧૯

૨. નિયામકશ્રી, પશુપાલનની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : પધન/ગસક-૧/૨૯૭-૨૯૮/૨૦૧૯, તારીખ.૨૧/૧૦/૨૦૧૯.

૩. નિયામકશ્રી, પશુપાલનની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: પધન/ગસક-૪/૩૫-૩૬/૨૦, તા.૦૪/૦૩/૨૦૨૦.

**આમુખ :**

ઉપર વંચાણે લીધા(૧) હેઠળના આ વિભાગના ઠરાવથી વર્ષ: ૨૦૧૯-૨૦માં પશુ અને ભેંસ વિકાસ કાર્યક્રમ હેઠળ પશુધન સુધારણા અને સંરક્ષણની વિવિધ ચાલુ બાબતને વર્ષ: ૨૦૧૯-૨૦માં રૂ.૨૯૨.૧૫લાખ(અંકે રૂપિયા બસો બાણુ લાખ પંદર હજાર પુરા)ની પ્રી-બજેટ ચકાસણી દરખાસ્ત રજુ કરવામાં આવેલ. વર્ષ: ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં આ ચાલુ બાબત માટે રૂ.૨૯૨.૧૫લાખ(અંકે રૂપિયા બસો બાણુ લાખ પંદર હજાર પુરા)ની નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણે લીધા(૨) હેઠળના નિયામકશ્રી, પશુપાલનની કચેરીના પત્રથી આ ચાલુ બાબત માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ નાણાકીય જોગવાઇ રૂ.૨૯૨.૧૫લાખ(અંકે રૂપિયા બસો બાણુ લાખ પંદર હજાર પુરા)ની વહીવટી મંજુરી મેળવવા દરખાસ્ત રજુ કરવામાં આવેલ. તેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**:ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે રૂ.૨૯૨.૧૫લાખ(અંકે રૂપિયા બસો બાણુ લાખ પંદર હજાર પુરા)ની અંદાજપત્રીય જોગવાઇ ધરાવતી આ ચાલુ બાબતને અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં નીચે દર્શાવેલ યોજનાવાર નાણાકીય જોગવાઇ તથા શરતો-બોલીઓ તેમજ આ ઠરાવના પરિશિષ્ટો (૧ થી ૩) માં નિર્દિષ્ટ શરતો-બોલીઓને આધીન વર્ષ:૨૦૨૦-૨૧માં ચાલુ રાખવાની વહિવટી મંજુરી આપવામાં આવે છે.

આવક :
આ.નં. ૭૮૩
તા. ૦૭/૭/૨૦૨૦.
ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ

Scanned with CamScanner

| યોજનાનું નામ | વર્ષ ૨૦૨૦-૨૧ની જોગવાઇ(રૂ.લાખમાં) | યોજનાના ખર્ચનું વિગતવાર સદર |
|---|---|---|
| (૧) રાજ્યમાં ગીર અને કાંકરેજ ગાય માટે એમ્બ્રીયો ટ્રાંસફર પ્રોગ્રામ યોજના-મહેકમ | ૧૫.૦૦ | ૩૧૩૫-અન્યને જનરલ સહાયક અનુદાન |
| ૨. રાજ્યકક્ષાની દૂધ ઉત્પાદન હરિફાઇ અભિયાનની યોજના | ૫૧.૪૭ | ૫૦૦૦-અન્ય(૨૭.૧૩લાખ)<br>૩૧૩૨- પંચાયતોને સહાયક અનુદાન (૨૪.૩૪ લાખ) |
| ૩. રાજ્યમાં ઓલાદવાર બ્રીડર એસોશીએશનની સ્થાપના તથા પશુપાલન પ્રવૃત્તિઓ માટે સહાયની યોજના | ૫.૦૦ | ૩૧૩૫-અન્યને જનરલ સહાયક અનુદાન |
| ૪. ગીર કાઉ સેન્ચ્યુરી ફાર્મની સ્થાપના મુકામ-ધરમપુર જિ.પોરબંદર ખાતે મહેકમની યોજના | ૮.૩૦ | ૩૧૩૫-અન્યને જનરલ સહાયક અનુદાન |
| ૫. ગુજરાત રાજ્યમાં રાજ્યકક્ષાના પ્રાણી કલ્યાણ બોર્ડની સ્થાપના અને રાજ્યના દરેક જિલ્લા મથકે પ્રાણીઓ પ્રત્યે ક્રુરતા અટકાવવા એસ.પી.સી.એને સહાયની યોજના | ૨૧૨.૩૮ | ૩૧૩૫-અન્યને જનરલ સહાયક અનુદાન |
| કુલ | રૂ.૨૯૨.૧૫ લાખ | |

<u>આ યોજનાના અમલીકરણની શરતો અને બોલીઓ નીચે મુજબ રહેશે .</u>

(૧) કોવિડ-૧૯ના કારણે ઉદભવેલ પરિસ્થિતિને લક્ષ્યમાં લઇ આ યોજનામાં લોકપયોગી/લાભાર્થીલક્ષી સહાય માટે અને તે અંગેના મહેકમ માટે તથા અન્ય કચેરી ખર્ચ માટેના જ ખર્ચને અગ્રતા આપવાની રહેશે. જ્યારે સાધન સરંજામની ખરીદી કે અન્ય કોઇ નોન/રીકરીંગ ખર્ચ કે જે થોડાક સમય પૂરતો મુલતવી (Deferred) રાખી શકાય તેમ હોય તેવો ખર્ચ કમ સે કમ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાના અંત સુધી એટલે કે તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી મોકુફ રાખવાનો રહેશે.આ અંગેની કાળજી નિયામકશ્રી કક્ષાએથી રાખી તે અંગેની સૂચનાઓ તાબાની કચેરીઓને ગ્રાન્ટ ફાળવણીની સાથે જ આપવાની રહેશે.

(૨) સને ૨૦૨૦-૨૧ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામા આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામા આવી છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણને અધિન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૫) યોજના માટે નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

Scanned with CamScanner

(૬) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસિંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઇ" ટેન્ડરીંગ બાબતોમાં કરવામાં આવેલ જોગવાઇ/ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો, તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાનું રહેશે.

(૮) વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૯) આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૧૦) વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્ર અન્વયે વિધાનસભામાં મંજુર થયેલ લેખાનુદાન જોગવાઇ અને તેને અનુલક્ષીને નાણા વિભાગ દ્વારા ફાળવણી થનાર ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૧) The right of persons with disabilities - 2016ની Section-24 અને Section-37ની જોગવાઇઓ અનુસાર સદર યોજનામાં દિવ્યાંગો(માન્ય પ્રમાણપત્ર ધરાવતા)ને ૫ ટકાની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઇપણ કારણસર દિવ્યાંગ લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

(૧૨) આ ચાલુ બાબતની યોજનાઓના અમલીકરણ માટે નિયત કરવામાં આવેલ કાર્યપદ્ધતિ, માર્ગદર્શિકા શરતો-બોલીઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) આ અંગેનો ખર્ચ તા.૧-૪-૨૦૨૦થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણીનંબર:- | ૪ |
| સેક્ટર : | ગ-આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર: | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્ય સદર: | ૨૪૦૩ - પશુપાલન |
| ગૌણ સદર: | ૧૦૨ – પશુ અને ભેંસ વિકાસ |
| પેટા સદર: | ૦૧: એ.એન.એચ-૮: ચાવી રૂપ ગામોમાં કૃત્રિમ ગર્ભાધાન કેન્દ્રો |

નાણાં વિભાગ અને વિભાગની બજેટ શાખા દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે, તદનુસાર નિયામકશ્રી, પશુપાલનની કચેરીએ ખર્ચ કરવાનો રહેશે તથા નાણાં વિભાગના વખતો વખતના અદ્યતન ઠરાવ વિગેરે સંબંધિત તમામ સૂચનાઓને પણ ધ્યાને લઈને ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

આ હુકમો નાણા વિભાગની ફાઇલ ક્રમાંક: બજટ-૧૦૨૦૨૦-૫૧-એ.એચ.ચા.બા.વ.મં./FA(AGRI) પર નાણાં સલાહકારશ્રી(કૃષિ)ની તા.૦૭/૦૫/૨૦૨૦ તથા સચિવશ્રી(પ.પા.)ની તા.૧૯/૦૫/૨૦૨૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

Scanned with CamScanner

"ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે"

(સુમીત ચૌધરી)
સેક્શન અધિકારી,
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પશુપાલન)નું કાર્યાલય, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૨ સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)નું કાર્યાલય, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત સચિવશ્રી(પશુપાલન), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રીકૃષિ (કૃષિ), ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પશુપાલન નિયામકશ્રી, પશુપાલન નિયામકની કચેરી, કૃષિભવન, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, (ES-૧) એકાઉન્ટ જનરલ, અમદાવાદ(E&RS Audit) ગુજરાત, ત્રીજો માળ, ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
- એકાઉન્ટ જનરલશ્રી,(એ એન્ડ ઇ) રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(IT સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટશાખા
- પસંદગી ફાઇલ

Scanned with CamScanner

પરિશિષ્ટ-૨

ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની સ્થાપના અને રાજ્યના દરેક જિલ્લામાં પ્રાણીઓ પ્રત્યે ક્રુરતા અટકાવવા મંડળીઓ (એસ.પી.સી.એ.) ને સહાય કરવાની યોજનાવર્ષ ૨૦૨૦-૨૧

ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની પ્રાણી કલ્યાણ સંસ્થાઓના કાર્યમાં સહભાગી બની પ્રાણીઓ ઉપર થતા અત્યાચારો રોકવાની કામગીરી તથા સ્વૈછીક સંસ્થાઓને એક છત હેઠળ લાવવા અંગેની કામગીરી છે.

સદર બોર્ડ રાજ્યના મહામુલા પશુધનની જાળવણી થાય અને પશુધન પેદાશોનો વધુમાં-વધુ ઉપયોગ કરી દેશના આર્થિક વિકાસમાં વધારો કરવાનો મુખ્ય ઉદ્દેશ તથા રાજ્યમાં જિલ્લા કક્ષાએ સ્થપાયેલ પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટીની કામગીરીમાં સહયોગ પુરો પાડી તેના નિયમન અને નિયંત્રણ અંગેની કામગીરી કરવાનોછે.

**શરતો અને બોલીઓ**

૧. કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નોટીફીકેશન નં. GHKH-94-2014-GVS-12011-3564-P.1 તા. ૦૫/૧૧/૨૦૧૪ અંતર્ગત પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી એક્ટ-૧૯૬૦ હેઠળ દરેક જિલ્લામાં થયેલ " સોસાયટી ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ(S.P.C.A.) એ " રજીસ્ટ્રેશનની કામગીરી બાકી હોય તેS.P.C.A. એ નિયમોનુસારરજીસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

૨. જે જિલ્લામાં પ્રાણી ક્રુરતા અધિનિયમ અંતર્ગત ઇન્ફરમરીઝ નિયત થયેલ નથી તે જિલ્લાઓમાં એક પાંજરાપોળને નિયત કરી, જરૂર જણાયે એક કરતા વધુ પાંજરાપોળોને નિયત કરી તેને ઇન્ફરમરીઝ તરીકે જાહેર કરવાની સત્તા અધ્યક્ષશ્રી સહ કલેક્ટર, જિલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સમિતીની રહેશે.

૩. આ યોજનાના અમલીકરણ અંગે અરજીઓની નોંધણી, અરજદારના નામ, સરનામા, કરેલ સહાય વગેરે માહિતી દર્શાવતુ રજિસ્ટર તથા રેકર્ડ રાખવા માટેના જરૂરી રજીસ્ટર " પ્રાણી કલ્યાણ સલાહકાર બોર્ડ, ગાંધીનગર દ્વારા નિયત કરવાના રહેશે. અને જાહેર કરેલ ઇન્ફરમરીઝ (પાંજરાપોળ) દ્વારા નિભાવવાના રહેશે. અને તમામ બાબતોનું મોનીટરીંગ " પ્રાણી કલ્યાણ સલહકાર બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવાનું રહેશે.

૪. ઇન્ફરમરીઝ પાંજરાપોળોએ પોલીસ કેસના જરૂરી કાગળો, કોર્ટના ચુકાદા જેવા અગત્યના દસ્તાવેજોની ફાઇલ નિભાવવાની રહેશે.

૫. જિલ્લાS.P.C.A. એપ્રાણી કલ્યાણ પ્રવૃતિ માટે પ્રચાર-પ્રસાર (મિટિંગ, સાહિત્ય તથા આનુસંગિક ખર્ચ) કરવા આયોજન કરવાનું રહેશે. જે અંગેનો ખર્ચ કંટીજન્સી ખર્ચ ખાતે આકારવાનો રહેશે.

૬. જિલ્લાની ઇન્ફરમરીએ સહાય મેળવવા માટે AWBI ના તા. 03/૦૫/૨૦૧૮ની એડવાઇઝરી મુજબ જિલ્લાS.P.C.A. ની ભલામણ સહગુજરાત પ્રાણી કલ્યાણ સલાહકાર બોર્ડને અરજી કરવાની રહેશે.

૭. જ્યાં સુધી સરકારશ્રી દ્વારા ગુજરાત પ્રાણી કલ્યાણ સલાહકાર બોર્ડ માટે કચેરીની વ્યવસ્થા ન કરવામાં આવે ત્યાં સુધી ભાડાથી ગુજરાત પ્રાણી કલ્યાણ સલાહકાર બોર્ડ કચેરી રાખી શકશે. તથા કચેરી માટે ફર્નિચર/ સાધન-સામગ્રી નિયમાનુસાર ખરીદી શકાશે.

૮. ગુજરાત પ્રાણી કલ્યાણ સલાહકાર બોર્ડના ઉપયોગ સારૂ આઉટ સોર્સિંગથી ડ્રાઇવર સાથે વાહન ભાડે રાખી શકાશે અને પટાવાળા, ડેટા એન્ટ્રી ઓપરેટર, એકાઉન્ટન્ટ વિગેરે જગ્યાઓ જરૂરીયાત મુજબ આઉટસોર્સિંગથી ભરી શકાશે.

૯. પોલીસ દ્વારા પકડાયેલ પશુઓને કોઇ પણ પાંજરાપોળ/ ગૌશાળામાં મૂકવામાં આવે તો નિભાવ સહાય કલેક્ટર સહ અધ્યક્ષ, જિલ્લાપ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી દ્વારા નિયમાનુસાર મંજૂર કરી/કરાવી ચૂકવણી કરી શકાશે.

૧૦. જિલ્લાનીપ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી ખાતે એક પશુચિકિત્સા અધિકારીની આઉટસોર્સથી રૂા ૪૫000/- ના માસીક દરથી એક પશુચિકિત્સા અધિકારીની નિમણુંક કરી શકાશે તથાજિલ્લાનીપ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી ખાતે આઉટ સોર્સિંગથી ડ્રાઇવર સાથે વાહન ભાડે રાખી શકાશે.

૧૧. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન ખાતે પ્રાણી અત્યાચાર નિવારણ હેતુસર સરકારશ્રીદ્વારા જાહેર કરવામાં આવેલ નિયમો અને કાયદાને લગત જાણકારી આપતા ચાર્ટલગાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

સેક્શન અધિકારી

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

Scanned with CamScanner

ર્ષ ૨૦૨૦-૨૧

ુધારા ઠરાવ

પશુ અને ભેંસ વિકાસ કાર્યક્રમ હેઠળ પશુધન સુધારણા અને સંરક્ષણની ચાલુ બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત......

ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક : સીડીએસ/૧૩૨૦૧૯/૧૨૫૮/પી.૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ:૦૪/૦૭/૨૦૨૦

વંચાણે લીધા:-

૧.કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક:સીડીએસ/૧૩૨૦૧૯/૧૨૫૮/પી.૧, તા.:૦૪/૦૬/૨૦૨૦.

૨.નિયામકશ્રી, પશુપાલનની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:પધન/ગસક-૧/૧૦૮/૨૦૨૦, તા.૨૨/૦૬/૨૦૨૦

આમુખ :

વંચાણે લીધા(૧) હેઠળના આ વિભાગના ઠરાવથી પશુ અને ભેંસ વિકાસ કાર્યક્રમ હેઠળ પશુધન સુધારણા અને સંરક્ષણની ચાલુ બાબતને વર્ષ: ૨૦૨૦-૨૧માં રૂ.૨૯૨.૧૫લાખ(અંકે રૂપિયા બસો બાણુ લાખ પંદર હજાર પુરા)ની વહિવટી મંજુરી આપવામાં આવે છે.

વંચાણે લીધા (૨) હેઠળના પશુપાલન નિયામકશ્રીની કચેરીના પત્રથી પશુ અને ભેંસ વિકાસ કાર્યક્રમ હેઠળ પશુધન સુધારણા અને સંરક્ષણની ચાલુ બાબતના ઠરાવમાં બજેટ સદરના પેટા સદરમાં ૦૧: એ.એન.એચ-૮ : ચાવીરૂપ ગામોમાં કુત્રિમ ગર્ભાધાન કેન્દ્રોને બદલે ૦૬ : પશુધન સુધારણા અને સંરક્ષણ મુજબનો સુધારા ઠરાવ મેળવવા દરખાસ્ત રજૂ કરવામાં આવેલ. જે વિભાગની વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ

ઉક્ત વંચાણે લીધા (૧) પરના ઠરાવના બજેટ સદરના પેટા સદરમાં ૦૧: એ.એન.એચ-૮ :ચાવીરૂપ ગામોમાં કુત્રિમ ગર્ભાધાન કેન્દ્રોને બદલે હવે પછી ૦૬ : પશુધન સુધારણા અને સંરક્ષણ મુજબ વંચાણે લેવા ઠરાવવામાં આવે છે.

"ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે"

(આશિષ ચૌધરી)

સેક્શન અધિકારી,

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માનમંત્રીશ્રી.(પશુપાલન)ના અંગત સચિવશ્રી, માનમંત્રીશ્રી.(પશુપાલન)નું કાર્યાલય, બીજો માળ, સ્વર્ણિમ સંકુલસચિવાલય ૨-, ગાંધીનગર
- માનમંત્રીશ્રી.ક.રા.(પશુપાલન)ના અંગત સચિવશ્રી, માનમંત્રીશ્રી.ક.રા.(પશુપાલન)નું કાર્યાલય, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ૨-, સચિવાલય, ગાંધીનગર.

101/2020

Scanned with CamScanner

# ANIMAL WELFARE BOARD OF INDIA

(Ministry of Environment, Forest & Climate Change, Govt. Of India)
National Institute of Animal Welfare Campus
42 KM Mile Stone, Delhi-Agra Highway
NH-2, Ballabhgarh, Haryana - 121004
E-mail: awbi@md3.vsnl.net.in; animalwelfareboard@gmail.com
Website: www.awbi.org


---

**M. RAVIKUMAR, IFS**
**Secretary**

No.9-1/2018-19/PCA

3rd May, 2018

To
The Chief Secretary of the States / UTs
Principal Secretary Animal Husbandry of the States and UTs
Principal Secretary Law of the States and UTs

Sub: Request for necessary action for the implementation of the provisions of PCA (Care and Maintenance of Case Property Animals) Rules 2017 – reg.

Sir / Madam,

The Animal Welfare Board of India (AWBI) is a statutory body established under Section 4 of the Prevention of Cruelty to Animals Act, 1960. The functions of the Board include the promotion of animal welfare generally for the purpose of protecting animals from being subjected to unnecessary pain or suffering, in particular.

The Central Government has notified Prevention of Cruelty to Animals (Marketing and Care of Case Property) Rules 2017 for the maintenance of Animals seized in violation of Act and Rules made thereunder (copy attached).

It is noticed that the above Rules are not implemented in letter and spirit and resort to avoidable burden on Animal Welfare Organizations and Governmental agencies.

We draw your kind attention towards provisions of Section 4 of cost of care and keeping of animals pending litigation;

i) State Board shall within in 3 months from the date of commencement of these rules and thereafter on the 1st day of April every year, specify the cost of transport, maintenance and treatment per day for every species of animal that is commonly seized in the State.

ii) The magistrate shall use the rates specified by the State Board as minimum specified rates for transport, maintenance and treatment of seized animals under sub-section (4) of section 35 of the Act.

iii) In case the animal under consideration is not on the rate sheet specified by the State Board, the magistrate shall fix the cost of transport, treatment and maintenance of the animal based on the input provided by the jurisdictional veterinary officer.

..2

AWBI

Scanned with CamScanner

You are requested to inform the action taken if any, and the rates fixed. If no rates are fixed, then you are requested to fix the same at the earliest with intimation to the Board.

Till the rates are fixed, we advise you to circulate the following rates (for the care and Maintenance of animals pending litigation) to all concerned subordinate offices:-

**Animal Care and Maintenance – Minimum Rates Chart**

| Class of Animal | Purpose | Suggested minimum Rates |
|---|---|---|
| Cow and Cattle | Health Examination, Identification, Colour and Photography, Ear Tagging | Rs.200 Per Animal |
| | Transport | Rs.20 Per Kilometer |
| | Daily maintenance and care for Large Animals | Rs.200 Per Day Per Animal |
| | Daily maintenance and care for Small Animals | Rs.125 Per Day Per Animal |
| Horse and like | Large | Rs.300 Per Day Per Animal |
| | Small | Rs.150 Per Day Per Animal |
| Dogs and Pets (small animals) | Body weight upto 10 Kgs. | Rs.15 Per Day Per Animal |
| | Body weight upto 10 to 25 Kgs | Rs.30 Per Day Per Animal |
| | Body weight upto 25 to 40 Kgs | Rs.50 Per Day Per Animal |
| | Body weight more than 40 Kgs. | Rs.60 Per Day Per Animal |

You are requested to take necessary action to implement all provisions of the Rule with intimation to the Board.

Yours faithfully,

(M. RAVIKUMAR)
Secretary, AWBI

Copy to:
1. State Animal Welfare Board / Go Seva Ayog of all States and UTs
2. Director Prosecution of all States and UTs

Scanned with CamScanner